# જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ

બેઉલાહ અલાયન્સ ચર્ચ કમ્પાઉન્ડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન : ૨૨૭૭૪૩૦૫
E-mail - jsm2277@gmail.com, Website : www.jivansandesh.org

**"હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર"**
(ગી.શા. ૧૪૬:૧)

ખાનગી વિતરણ માટે

**ફેબ્રુઆરી - ૨૦૧૯**

## દર્શન વિધાન

"ખોવાયેલાઓને શોધવા તથા શોધેલાઓને શિષ્ય બનાવવા."

## સેવાકાર્યો

★ રેડિયો પ્રસારણ (ગુજરાતી અને હિન્દી)
★ પધ્ધતિસરનું ફોલોઅપ
★ શિષ્યપણાની તાલીમ
★ યુગલ સમૃદ્ધિ શિક્ષણ
★ નારી જીવન સંચાર

## સેવાકાર્ય વિધાન

★ જેઓ સત્યની શોધ કરી રહ્યાં છે તેઓને સરળતાથી, સ્પષ્ટતાથી તથા અધિકાર સાથે પધ્ધતિસર ઈશ્વરનાં વચનો શીખવવા.

★ જેઓને પ્રભુ ઈસુની (સત્યની) અંગત ઓળખ થઈ છે તેઓને આધ્યાત્મિક પરિપકવતા તરફ વૃદ્ધિ આપવા માટે તથા આધ્યાત્મિક નેતાગીરી માટે તાલીમ આપવી અને સુસજ્જ કરવા.

**પ્રિય પ્રાર્થના મિત્રો,**

આપ સર્વને જીવનસંદેશ તરફથી પ્રભુ ઈસુના નામમાં પ્રેમી કુશળતા. જ્યારે આપણે ૨૦૧૮ના વર્ષ તરફ દ્દષ્ટિ કરીએ છીએ ત્યારે જીવનસંદેશ આપ જેવા પ્રાર્થના મિત્રો, દાન આપનાર મિત્રો અને સ્વૈચ્છિક સેવા આપતા ભાઈ-બહેનોનો આભાર.

પ્રભુ તેમના વચનો મારફતે આપણને ચોક્કસ આહ્‌વાન આપે છે. યોહાન ૧:૩૫-૫૧માં ઈસુ જેઓને મળે છે તેઓને કહે છે, "આવીને જુઓ". આ કલમોમાં બે મહાન સત્ય પ્રેરિત યોહાન જણાવે છે. (૧) મસીહ મળ્યા છે. (૨) મસીહને અનુસરવું. જ્યારે યોહાન બાપ્તિસ્મા કરનાર તેનાં બે શિષ્યોની સાથે ઊભો રહેલો હતો ત્યારે ફરીથી તેણે ઈસુની તરફ આંગળી ચિંધતા કહ્યું, "જુઓ દેવનું હલવાન" જો આપણે આગળ વાંચીએ તો તે બે શિષ્યો યોહાનનું સાંભળીને ઈસુની પાછળ ગયા બીજાઓ પ્રભુ ઈસુને અનુસરે માટે સાક્ષી આપવાની કેટલી બધી જરૂર છે. ઈસુ તેઓને પોતાની જાત વિશે સભાન કર્યા હતાં. આંદ્રિયા અને બીજો શિષ્યએ આખો દિવસ ઈસુની સાથે ગાળ્યો ને ઈસુ કોણ છે તે તેઓએ શોધ્યું. શું આપણે ઈસુને શોધવા પૂરતો સમય લઈએ છીએ ? જે બે જણે પ્રભુ ઈસુને શોધ્યા તેઓ ચૂપ રહી શક્યા નહિં. આપણને ઈસુની વ્યક્તિગત ઓળખ થઈ છે ત્યારે આપણે શું બીજાઓને ઈસુ વિષે કહીએ છીએ ખરા ? આંદ્રિયા પોતાના ભાઈ પીતરને શોધી લાવ્યો ને તે ઈસુની પાસે લાવ્યો. ઈસુ સાથેની વ્યક્તિગત મુલાકાત દ્વારા પીતરના જીવનનું રૂપાંતર થાય છે. તું યોનાનો દીકરો સીમોન છે. તું કેફા કહેવાશે (જેનો અર્થ પથ્થર છે). પ્રભુ ઈસુ સાથેની વ્યક્તિગત મુલાકાત જીવનનું રૂપાંતર લાવે છે.

કલમ ૪૩માં લખવામાં આવ્યું કે ઈસુ લોકોને શોધે છે ને તેઓને તેડે છે. ઈસુ તેમની પાસે પ્રતિભાવની અપેક્ષા રાખે છે. નાથાનાએલ એ શંકાશીલ હતો માટે તે એવું માનતો હતો કે નાઝરેથમાંથી કશુંય સારૂં નીકળે નહિં. આપણે ઘણીવાર આપણા પૂર્વગ્રહ, ધારણાઓને લીધે બીજાઓનો અસ્વીકાર કરીએ છીએ, પણ ઈસુ સાથેની વ્યક્તિગત મુલાકાતથી નાથાનાએલનું રૂપાંતર થાય છે, તે ઈસુ ઉપર ત્વરિત વિશ્વાસ કરે છે. બીજાઓ ઈસુ પર વિશ્વાસ કરે માટે તેઓની ઈસુ સાથે વ્યક્તિગત મુલાકાત થાય માટે પ્રયત્ન કરવો જોઈએ.

પ્રભુએ હજી સુધી સુવાર્તાનું દ્વાર ખુલ્લું રાખ્યું છે ત્યારે આપણે વધુ ને વધુ ખોવાયેલાઓને શોધવા જ્યારે તક મળે છે ત્યારે ઝડપી લઈએ કે જેથી તેઓ પ્રભુ ઈસુને અનુસરનારા બને.

આ વર્ષે પ્રભુ જીવન સંદેશની સેવા દ્વારા કહેવા માગે છે કે, આપણે ખોવાયેલાઓને શોધીએ અને જેઓને શોધવામાં આવે તેઓને પ્રભુ ઈસુ ખ્રિસ્તના શિષ્યો બનાવવામાં આવે. રેડિયો સેવા, ફોલોઅપની સેવાની મારફતે શિષ્યો બનાવવામાં આવે. શિષ્યપણાની સેવા મારફતે વધુ દ્દઢ ને મજબૂત કરવા, જેથી તેઓ આમ સમાજને અસર ઉપજાવી શકે. યુગલ સમૃદ્ધિ સેવા દ્વારા કુટુંબોને બાંધવા જેનાથી સમાજ આશીર્વાદિત થાય. નારી જીવન સંચાર સેવા મારફતે પ્રભુના વચનો દ્વારા ઉત્તેજન પૂરું પાડવું. મિત્રો, ૨૦૧૯માં આપનો અવિરત સાથ-સહકારને મૂલ્યવાન પ્રાર્થના મોટી અસર ઉપજાવી શકે છે.

**- ડેવિડ ક્રિશ્ચિયન**

## જીવન સંદેશ પરિવાર સંગત

જીવન સંદેશ પરિવાર સંગતનું આયોજન જાન્યુઆરી ૬, ૨૦૧૯ ના રોજ બેઉલાહ અલાયન્સ ચર્ચમાં કરવામાં આવ્યું. જેમાં જીવન સંદેશ બોર્ડ અને સોસાયટી સભ્યો, સ્વૈચ્છિક સેવા આપતાં મિત્રો ને સ્ટાફ તેમનાં કુટુંબ સાથે ભાગીદાર બન્યા. કુટુંબ સાથે હાજર રહ્યાં એનાથી અમોને ઉત્તેજન મળ્યું છે. આપ સર્વએ જીવનસંદેશને પોતાનાં હૃદયમાં સ્થાન આપ્યું છે. અમો તમારો હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ. આ સંગતમાં ૨૦૧૮ના વર્ષમાં પ્રભુના વિશ્વાસુપણાને તથા ભલાઈને યાદ કરતા ઈશ્વરની સ્તુતિ કરી.

આ સંગતમાં ૨૦૧૮ના વર્ષમાં જીવન સંદેશ દ્વારા થયેલી સેવાઓની વિગતવાર માહિતી આપવામાં આવી તથા ૨૦૧૯ના આયોજનોને દર્શાવવામાં આવ્યું. ગુજરાત અલાયન્સ માનનીય સિનડ ઉપપ્રમુખ બેઉલાહ અલાયન્સ ચર્ચના પાળક રેવ. સ્ટેન્લી ટી. ક્રિશ્ચિયને ગીતશાસ્ત્ર ૧૧૧માંથી ઉત્તેજનદાયક સંદેશો આપવામાંઆવ્યો. આ સંગતમાં ૧૦૦ (+) વ્યક્તિઓ ભાગીદાર બન્યા. ૨૦૧૯ના આયોજન માટે પ્રાર્થના કરવામાં આવી. અંતે બધાં સાથે મળીને ભોજન કર્યું. આ તમામ મિત્રો જીવન સંદેશ માટે સ્પેશ્યલ વ્યક્તિ છે. આ સર્વ ભાઈ-બહેનો માટે જીવનસંદેશ ખરાં અંતઃકરણથી ખૂબ જ આભાર માને છે. પ્રભુની સ્તુતિ થાઓ.















## 3rd National Conference on Disciple Making

જીવન સંદેશ દ્વારા 3rd National Conference on Disciple Making ૨૪-૨૭ જાન્યુઆરી, ૨૦૧૯માં બેઉલાહ અલાયન્સ ચર્ચમાં થઈ. જેનું આધાર વચન "Take Root Below....And Fruit Above..." (યશા.૩૭:૩૧).

આ કોન્ફરન્સના Resource Persons આ પ્રમાણે છએ કે જેમણે જુદા જુદા વિષય ઉપર બાઈબલના વચનો મારફતે શિક્ષણ આપ્યું.

(1) Mr. L. T. Jeyachandran (2) Pastor Chris Williams (3) Mr. Madhu Christian (4) Mr. Sudhir Sioni (5) Mr. Prakash Kant.

Mr. L. T. Jeyachandran Discipleship Conference ના આધાર વચન ઉપર ૭ સંદેશાઓ આપ્યા. Pastor Chris Williams ૪ વિષયો ઉપર Paper Presentation કર્યું. (i) The importance of Discipleship in the Urban Church (ii) The Disciple as a Steward of Financial Resources (iii) The Leader as a Disciple Maker (iv) Defining a Biblical Disciple and Disciple Making

- Mr. Madhu Christian "Discipleship among family."
- Mr. Sudhir Sioni "Discipleship among Youth."
- Mr. Prakash Kant "Discipleship in the Workplaces."

આ કોન્ફરન્સમાં ૯૭ (+) વ્યક્તિઓએ ભાગ લીધો. કોન્ફરન્સ દરમિયાન શ્રી પ્રકાશ કાન્ત દ્વારા આરાધનાનો સમય ખૂબ જ મહત્ત્વનો રહ્યો.

આ કોન્ફરન્સ માટે લગભગ એક વર્ષથી તૈયારી કરવામાં આવતી હતી, પ્રાર્થનાઓ કરવામાં આવી, જીવન સંદેશમાં સ્વૈચ્છિક સેવા આપનાર મિત્રોના સહકારથી આ કોન્ફરન્સ સફળ બની માટે પ્રભુનો આભાર માનીએ છીએ. જેઓએ ભાગ લીધો તેમનો પ્રતિભાવ આપણને પ્રભુની સ્તુતિ કરવા દોરી જાય છે.

"આ 3rd National Conference on Disciple Making અન્ય કોન્ફરન્સ કરતાં ઘણી જ આશીર્વાદિત થઈ છે. આ કોન્ફરન્સમાં વચનોની ગહનતા સમજી શક્યો કે જીવનના દરેક ક્ષેત્રે ચાહે કોઈપણ કેમ ના હોય તે પ્રભુનું કાર્ય છે. પ્રભુની સેવા છે."

"આ કોન્ફરન્સ મારાં અંગત જીવન માટે તથા મિનીસ્ટ્રી માટે ઉત્તેજન પૂરું પાડનાર અને સેવામાં ઉપયોગી શિક્ષણ મને મળ્યું છે અને આ શિક્ષણનો ઉપયોગ મારી સેવામાં તથા મારાં પરિવારમાં હું લાગું કરીને પ્રભુ ઈસુના મહિમા માટે તેમની સેવા માટે હું ઉપયોગ કરીશ. હું મારી જાતને બાઈબલ આધારિત શિષ્ય બનવા પ્રયત્ન કરીશ. હું મારી પૂરી જવાબદારી સાથે મારા કુટુંબમાં શિષ્ય બનાવીશ. મંડળીમાં પણ શિષ્યપણાનો નમૂનો આપીશ."



# 3rd National Conference on Disciple Making

















## નારી જીવન સંચાર સેવા

નારી જીવન સંચાર સેવાની શરૂઆત તા. ૨૯ માર્ચ ૨૦૦૯ ના દિવસે ખુલ્લી મૂકવામાં આવી ને પ્રભુનો આભાર માનીએ છીએ કે આ સેવાને આજે ૧૦મું વર્ષ ચાલી રહ્યું છે માટે મહાન મહિમા પ્રભુને આપીએ છીએ. આ વર્ષો દરમિયાન લગભગ ૫૪ જેટલી જુદી જુદી સેમિનાર, રીટ્રીટ, કોન્ફરન્સ દ્વારા ૪,૦૦૦ થી વધુ બહેનોને પ્રભુમા માર્ગદર્શન, ઉત્તેજન, અને પડકાર આપી શક્યાં



માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ. જુદા જુદા સેમિનાર અને રીટ્રીટ દ્વારા ઘણી બધી બહેનો વ્યક્તિગત જીવનમાં પ્રભુ સાથેના સંબંધમાં વૃદ્ધિ પામી તેમજ જુદી જુદી રીતે પ્રભુની સેવામાં ઉપયોગી પાત્રો બની રહી છે. આ સર્વ કાર્યમાં નારી જીવન સંચારના કોર ગ્રુપને પ્રભુએ જ્ઞાન, ડહાપણ પૂરાં પાડ્યાં અને સર્વ સેવાઓ પાછળ નાણાંકિય જરૂરીયાતો પૂરી પાડી માટે પ્રભુનો આભાર માનીએ છીએ.

## વિધવા બહેનો સાથે નાતાલની ઊજવણી

દર વર્ષની જેમ તા.૦૯-૧૨-૨૦૧૮ ના રોજ જીવનસંદેશની નારીજીવન સંચાર સેવા દ્વારા ઠાસરા અને ધંધોળી વિસ્તારના ૩૨ ગામોનો સર્વે કરી ગરીબ પરિવારો અને વિધવા બહેનો માટે સંગત રાખવામાં આવી. બંને વિસ્તારની મેથોડિસ્ટ મંડળીમાં સવારની સંગત અને ત્યારબાદ આ વિધવા બહેનો અને આર્થિક નબળા પરિવારો સાથે સંગત કરવામાં આવી. જેમાં લગભગ ૬૪ બહેનોને જીવનસંદેશ તરીકે એક સાડી તેમજ એક મહિનો ચાલે એટલું રાશનની કિટ નાતાલ ભેટ તરીકે આપવામાં આવી. શ્રી રોબિનભાઈ મિત્રા અને તેમના મિત્રો દ્વારા આ સંગતનું આયોજન કરી સઘળી જવાબદારી ઉપાડી અને સફળ કર્યું. માટે માન મહિમા પ્રભુને આપીએ છીએ.
















## આભાર માનીએ...

૧. ૨૦૧૮ના વર્ષમાં જીવન સંદેશની શિષ્યપણાની સેવા, યુગલ સમૃદ્ધિ શિક્ષણની સેવા અને નારી જીવન સંચાર સેવામાં જુદી જુદી રીટ્રીટ અને સેમીનારમાં પ્રભુએ શિક્ષણ આપવા કૃપા આપી.

૨. જીવન સંદેશ બોર્ડ, સોસાયટી સભ્યો, સ્વૈચ્છિક સેવા આપનાર મિત્રો અને પરિવાર અને સ્ટાફના સાથ-સહકાર માટે.

૩. જીવનસંદેશના ગુજરાતી અને હિન્દી ફોલોઅપના કાર્ય માટે પ્રભુએ શ્રી સીરીલભાઈ ક્રિશ્ચિયન તેમજ શ્રી રેનીસન ક્રિશ્ચિયનને જ્ઞાન અને ડહાપણ પૂરાં પાડ્યાં માટે.

૪. ગુજરાતની જુદી જુદી મંડળીઓ તથા સંસ્થાઓમાં શિક્ષણ આપવાની તક જીવન સંદેશને મળી તે માટે.

૫. જીવન સંદેશના સંપર્કમિત્રોની મુલાકાત કરી શક્યા માટે.

૬. ૨૦૧૮ના વર્ષમાં પ્રભુએ તમામ જરૂરિયાતો પૂરી પાડ તે માટે.

## પ્લાનીંગ ૨૦૧૯

**દર વર્ષની જેમ જીવન સંદેશ સ્ટાફ તરીકે એક આખો દિવસ પ્રાર્થનામાં અને નવા વર્ષના પ્લાનીંગ માટે ગાળવામાં આવે છે. જેને લઈને ૨૦૧૯ ના વર્ષનું પ્લાનીંગ કરવામાં આવ્યું.**

**૧. જીવનસંદેશ પ્રેયર ડે**

સમય : તા. ૪ માર્ચ, ૨૦૧૯ (સોમવાર) ના રોજ સવારે ૧૦.૩૦ થી સાંજે ૪.૦૦ સુધી

સ્થળ : બેઉલાહ અલાયન્સ ચર્ચ ખાતે રાખવામાં આવશે.

વચન : જીવનસંદેશ સ્ટાફ શ્રી રેનિસન ક્રિશ્ચિયન

**૨. રેડિયોસેવા :**

- જીવન સંદેશના દર અઠવાડિયે આવતા ૩ ગુજરાતી અને ૨ હિન્દી રેડિયો પ્રસારણો વર્ષ ૨૦૧૯માં પણ ચાલુ રહેશે.

- આવતા દિવસોમાં શ્રી પર્સીભાઈ દ્વારા હાલની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખી તૈયાર કરેલ ટ્રાક્સને રેડિયો પ્રસારણો માટે રેકોર્ડિંગ કરવામાં આવશે.

**૩. ઓન લાઈન રેડિયો સેવા :**

જીવનસંદેશની ઓન લાઈન રેડિયો સેવામાં ફેબ્રુઆરી-૨૦૧૯ થી ફેબ્રુઆરી ૨૦૨૦ ના સબક્રિપ્શન માટે એક મિત્ર દ્વારા પ્રોમીસ આપવામાં આવેલ છે માટે તેમનો તેમના કુટુંબનો આભાર માનવામાં આવે છે.

**૪. મુલાકાત :**

ડાંગ, તાપી, નવસારી, ખોખરવાડા, જુનાગઢ વિસ્તારના પત્રમિત્રોની મુલાકાત કરવામાં આવશે.

**૫. પત્રમિત્રસેમિનાર :-** (ભાઈઓ માટે)

તારીખ : ૭ થી ૧૦ નવેમ્બર, ૨૦૧૯ દરમ્યાન

સ્થળ : લીડ સેન્ટર, જશોદાનગર, અમદાવાદ



**૬. શિષ્યપણાની સેવા :-**

૧. **૨:૭ શ્રેણીનો સેમિનાર (બહેનો માટે ) :-**

**પત્રમિત્રો તેમજ સાઉથ ગુજરાતની બહેનો માટે**

તારીખ : તા. ૨૨ ઓગષ્ટ, સાંજે ૪-૦૦ થી ૨૫ ઓગષ્ટ, ૨૦૧૯ ભોજન સુધી

સ્થળ : આધ્યાત્મિક કેન્દ્ર, ભરૂચ

૨. **સાઉથ ગુજરાત માટે ૨:૭ શ્રેણીનો શિષ્યપણાનો સેમિનાર :-** (સાઉથ ગુજરાતની મંડળીઓના સેવકો, પાળકો અને આગેવાનો માટે )

તારીખ : . તા. ૧૯ સપ્ટે. ૨૦૧૯ સવારે ૧૦-૦૦ થી તા. ૨૧ સપ્ટે. ૨૦૧૯ બપોરના ૪:૦૦ સુધી

સ્થળ : આધ્યાત્મિક કેન્દ્ર, ભરૂચ

**૭. સ્કુલ ઓફ ડિસાપસશીપ :**

માર્ચ - ૨૦૧૯ થી મે - ૨૦૧૯ દરમ્યાન સ્ટુડિયોમાં ૨:૭ શ્રેણીનો અભ્યાસ દર મંગળવારે કરવામાં આવશે

**૮. યુગલ સમૃધ્ધિ સેમિનાર :-**

યુગલ સમૃધ્ધિ સેમિનાર માટે જુદી જુદી મંડળી દ્વારા મળતા આમંત્રણ પ્રમાણે શિક્ષણ આપવામાં આવશે.

**૯. સ્કુલ ઓફ મેરેજ એનરીચમેન્ટ :-**

માર્ચ - ૨૦૧૯ થી મે - ૨૦૧૯ દરમ્યાન સ્ટુડિયોમાં સ્કુલ ઓફ મેરેજ એનરીચમેન્ટનો અભ્યાસ દર બુધવારે કરવામાં આવશે.

**૧૦. નારી જીવનસંચાર સેવા :-**

નારી જીવન સંચાર સેવાના કોર ગ્રુપ દ્વારા દર વર્ષની જેમ જુદી જુદી રીટ્રીટનું આયોજન કરશે.

**૧૧. ત્રીજી ડોનર્સ ફેલોશીપ :**

તારીખ : તા. ૮ ઓક્ટોબર, ૨૦૧૯,

સમય. : સવારે ૯-૦૦ થી ૧-૩૦ દરમ્યાન

**૧૨. દર બે મહિને પ્રાર્થના પત્ર નિયમીત મોકલવો,**

**૧૩. સ્ટાફ પ્રેયર ડે :** એપ્રિલ, જુલાઈ, સપ્ટે, નવેમ્બર મહિનાના બીજા મંગળવારે.

**૧૪.** જીવનસંદેશનું નવા ગુજરાતી બ્રોશર અને ઓન લાઈન રેડિયો માટેના બુક માર્ક નવા છપાવવા.

**૧૫.** વર્ષ ૨૦૧૯ માં અંગ્રેજી ૨:૭ શ્રેણીના ત્રણ પુસ્તકો છપાવવા.

## જાહેરાત

૧. પ્રેયર ડે - ૪ માર્ચ, ૨૦૧૯ સમય : ૧૦:૩૦ થી ૪:૩૦ કલાકે સ્થળ : બેઉલાહ અલાયન્સ ચર્ચ ખાતે. પ્રાર્થના સંગતમાં ભાગીદાર થવા અગાઉથી નામ નોંધાવવા.

૨. સ્કૂલ ઓફ ડિસાઈપલશીપ : તા.૫ માર્ચ, ૨૦૧૯ થી દર મંગળવારે રાત્રે ૮:૩૦ કલાકે જીવન સંદેશ સ્ટુડિયોમાં મળશે. (મર્યાદિત સંખ્યા હોઈ વહેલા તે પહેલાં નામ નોંધાવવા સંપર્ક કરશો.)

૩. સ્કૂલ ઓફ મેરેજ એનરીચમેન્ટ : તા.૬ માર્ચ, ૨૦૧૯ થી દર બુધવારે રાત્રે ૮:૩૦ કલાકે જીવન સંદેશ સ્ટુડિયોમાં મળશે. (મર્યાદિત સંખ્યા હોઈ વહેલા તે પહેલાં નામ નોંધાવવા સંપર્ક કરશો.)

**ઉપરના આયોજનોમાં જો આપ ભાગીદાર થવા માગો છો તો વેળાસર જીવન સંદેશ ઓફિસ પર આપના નામ નોંધાવવા.**